વસ્તી ગણતરીમાં ફરજ બજાવતા બીન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને હકક રજા જમા આપવા બાબત..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/બમશ/૧૩૨૦૦૦/૭૫૨/ગ
સચિવાલય ગાંધીનગર
તા.૨૯/૭/૨૦૦૦.

<u>વંચાણમાં લીધા::-</u>

૧: ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪
૨: શિક્ષણ વિભાગના તા.૨-૭-૯૯ ના ઠરાવ ક્રમાંક/બમશ/૧૧૯૯/૭૪૧/(૩)ગ
૩: ગુજરાત રાજય માધ્ય. શિક્ષક સંઘ મહામંડળના તા.૧૮-૪-૨૦૦૦નો પત્ર.

'' ઠરાવ ''
-------

ઉપર સંદર્ભ-૩ માં જણાવેલા ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના તા.૧૮-૪-૨૦૦૦ ના પત્રથી તા.૭-૫-૨૦૦૦ થી ૨૫-૫-૨૦૦૦ દરમ્યાન યોજાયેલ વસ્તી ગણતરીના કાર્યક્રમ અન્વયે માધ્યમિક શિક્ષકોને વસ્તી ગણતરીની કામગીરી સોંપવામાં આવેલ હોઇ તેઓને તે કામગીરી બજાવે તેટલા દિવસની હકક રજાના આપવા રજુઆત કરવામાં આવેલ હતી. આ બાબતમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો.૧૯૭૪ના વિનિયમ.૩૦(૭)(ક) માધ્યમિક શાળાના શિક્ષકોને વેકેશનમાં કામ કરવાની ફરજ પાડવામાં આવે તેટલા દિવસની હકકરજા વધુમાં વધુ ૩૦ દિવસ સુધી મળવાપાત્ર છે. તે ધ્યાનમાં લઇ બીન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકોને વેકેશન દરમ્યાન વસ્તી ગણતરીની કામગીરી સોંપાયેલ હોઇ તેવા શિક્ષકોને ખાતે તેઓએ નહીં ભોગવેલ વેકેશનગાળા જેટલા દિવસની <u>તા.૭-૫-૨૦૦૦ થી તા. ૨૫-૫-૨૦૦૦ સુધીની દિવસ-૧૯ ની પરંતુ વધુમાં વધુ તેઓએ જેટલા દિવસ વસ્તી ગણતરીની કામગીરી કરી હોય તેની ખાતરી કરીને તેટલા દિવસની હકક રજાઓ ખાસ કિસ્સા તરીકે તેઓના ખાતે જમા કરવાની</u> આથી મંજુરી આપવામાં આવે છે તેવીજ રીતે ઉપરસંદર્ભ (૨) માં જણાવેલ આ વિભાગના <u>તા.૨-૭-૯૯ ના ઠરાવથી શિક્ષણ સહાયક યોજના અમલમાં મુકેલ છે. એટલે શિક્ષણ</u> સહાયકોને તેઓને જેટલા દિવસની વસ્તી ગણતરીની કામગીરી બજાવેલ હોય તેની ખાતરી કરીને તેટલા દિવસની વળતર રજાઓ ખાસ કિસ્સામાં જમા આપવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૯-૬-૨૦૦૦ ની નોંધણી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(મહેશભાઇ શાહ
સેકશન અધિકારી.
શિક્ષણ વિભાગ,

ક્રમાંક/માધ્ય.-૩/વસ્તીગણતરી કામગીરી/રજા/

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
વણાણનો ઉતારો, રાજકોટ
તારીખ. ૮-૧-૨૦૦૧

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક શાળા તથા ઉચ્ચતર માધ્યમિક
શાળા રાજકોટ જિલ્લો,
રાજકોટ,

2000

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ